# SARDAR PATEL UNIVERSITY

VALLABH VIDYANAGAR- 388 120 (GUJARAT) INDIA

Website :www.spuvvn.edu Phone : 91-02692- 226807


એકેડેમિક વિભાગ

## પરિપત્ર

**વિષય : સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમના (બી.એડ્. અભ્યાસક્રમ સહિત) પ્રવેશ માટેની અંતિમ તારીખ**

આથી યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજના આચાર્યશ્રીઓ તથા વિભાગના વડાશ્રીઓને જણાવવાનું કે તા. ૧૩/૦૮/૨૦૨૪ની કાર્યાલય નોંધમાં મળેલ આદેશાનુસાર યુનિવર્સિટીની ડિપ્લોમા, સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો (બી.એડ્. અભ્યાસક્રમ સહિત)માં પ્રવેશ માટે **અંતિમ તારીખ : ૩૧/૦૮/૨૦૨૪** નક્કી કરવામાં આવેલ છે. જેથી કોલેજ/વિભાગે તા. ૩૧/૦૮/૨૦૨૪ સુધીમાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. તા. ૦૧/૦૯/૨૦૨૪ અને ત્યારબાદ પ્રવેશ આપવાનો રહેશે નહીં, તેમજ જો પ્રવેશ ફાળવવામાં આવશે તો આવા પ્રવેશ માન્ય ગણવામાં આવશે નહીં.

વધુમાં કોલેજ/વિભાગે નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

૧. કોલેજ/વિભાગે GCAS પોર્ટલ પર જે વિદ્યાર્થીઓના નવા પ્રવેશ ફોર્મ ભરાવી રૂા. ૩૦૦/- મેળવ્યા હોય તેવા વિદ્યાર્થીઓની સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમોની અલગ યાદી બનાવવી.

| નં. | વિદ્યાર્થીનું નામ | એપ્લીકેશન નંબર | અભ્યાસક્રમ |
|---|---|---|---|
| | | | |

૨. જે વિદ્યાર્થીઓએ GCAS પોર્ટલ પર નવું પ્રવેશ ફોર્મ ભરી પ્રવેશ મેળવ્યો હોય કે પ્રવેશ મેળવ્યો ન હોય અને રૂા. ૩૦૦/- ફી કોલેજ/વિભાગ ખાતે ભરી હોય તો યાદી સહિત વિદ્યાર્થીઓની ફી યુનિવર્સિટીમાં કોડ નં. ૩૦૭૬૬ ખાતે જમા કરાવવાની રહેશે.

૩. સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમ મુજબ અલગ યાદી બનાવી તે પ્રમાણેની રકમનો "Registrar, Sardar Patel University, Vallabh Vidyangar" નામનો ચેક બનાવી તા. ૦૫/૦૯/૨૦૨૪ સુધીમાં ફરજીયાતપણે જમા કરાવવાનો રહેશે.

૪. સ્નાતક કક્ષાના અભ્યાસક્રમની યાદી અને ચેક એકેડેમિક વિભાગના રૂમ નં. ૧૦૧માં અને અનુસ્નાતક અભ્યાસક્રમ માટે રૂમ નં. ૧૧૭માં ચકાસણી કરાવી તે ચેક હિસાબ વિભાગમાં જમા કરાવી રસીદની એક નકલ જે તે રૂમ નંબરમાં જમા કરાવવાની રહેશે.

૫. બી.એડ્. અભ્યાસક્રમની યાદી એકેડેમિક વિભાગના રૂમ નંબર ૧૧૭માં ચકાસણી કરાવી ચેક હિસાબ વિભાગમાં જમા કરાવી રસીદની એક નકલ રૂમ નંબર ૧૧૭માં જમા કરાવવાની રહેશે. (કોડ નંબર ૩૦૭૬૫)

નંબરઃ ડી/ઈ/૧૦/3209

વલ્લભ વિદ્યાનગર

તારીખઃ 28/8/2024

કુલસચિવ

નકલ રવાનાઃ

૧. સર્વે આચાર્યશ્રી/વડાશ્રી, સંલગ્ન કોલેજો/અનુસ્નાતક વિભાગ તરફ

૨. કા. નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર તરફ ઉપર મુજબની કાર્યવાહી સારૂ.

૩. વડાશ્રી, હિસાબ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર તરફ આગળની કાર્યવાહી અર્થે